ક્રમાંક:મઉમશબ/શા.નિ./ચૂંટણી-૨૦૨૦/12846-880

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૩/૦૮/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજય.

વિષય:- બોર્ડની સામાન્ય ચૂંટણીની મતદારયાદી તૈયાર કરવા બાબત.

સંદર્ભ:- (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનરની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૦/૧૨૫૯૫ તા.૩૧/૦૭/૨૦૨૦

(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનરની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૦/૧૨૬૩૩ તા.૦૫/૦૮/૨૦૨૦

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનરની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૦/૧૨૬૩૪ તા.૦૫/૦૮/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્ર-૧ થી બોર્ડની સામાન્ય ચૂંટણી માટેની મતદારયાદી તૈયાર કરવા આચાર્યશ્રી, સંચાલકશ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામને પરિપત્રથી મતદાન નોંધણી માટેની કાર્યવાહી અને FAQ મોકલાવેલ છે.

(A) આ FAQ ના ક્રમ નં-૧૦ "માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજ અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજના પ્રિન્સિપાલ તરીકે મતદારયાદીમાં કોણ નોંધણી કરાવી શકે ?" ના ઉપાયના ખાનામાં મુદ્દા નં-૪ માં નીચે મુજબ સુધારો વાંચવાનો રહે.

"મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના <u>ક્રમ નં-૧૦</u> ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે."

ના બદલે

"મતદાર તરીકે નામ નોંધાવાના અરજીપત્રકના <u>ક્રમ નં-૧૧</u> ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે."



Scanned with CamScanner

આ FAQ ના ક્રમ નં-૧૧ "રજીસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વાલીઓના એસોસિએશનના પ્રમુખ તરીકે મતદારયાદીમાં કોણ નોંધણી કરાવી શકે?" ના ઉપાયના ખાનામાં મુદ્દા નં-૬ માં નીચે મુજબ સુધારો વાંચવાનો રહે.

"મતદાર તરીકે નામ નોંધવાના અરજીપત્રકના ક્રમ નં-૧૧ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે."

ના બદલે

"મતદાર તરીકે નામ નોંધવાના અરજીપત્રકના ક્રમ નં-૧૦ ની સામેના ખાનામાં ખરાની નિશાની કરવાની રહેશે."

(B) "મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ - ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ - ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયેલી, રજીસ્ટર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિ" ની મતદાર તરીકે નોંધણીની અરજીની સાથે નીચે મુજબના આધારો મેળવવાના રહેશે.

(૧) પરિશિષ્ટ – ૧ મુજબનો સંચાલક મંડળના ઠરાવની નકલ.

(૨) સંચાલક મંડળ મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ – ૧૮૬૦ / મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ – ૧૯૫૦ હેઠળ રજીસ્ટર થયાના રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ.

(C) મતદારયાદીમાં મતદાર તરીકે નામ દાખલ કરવા માટેની અરજીમાં વિભાગ(a) માં ક્રમ નં-૭ માં નીચે મુજબ સુધારો ધ્યાને લેવાનો રહેશે.

"રજિસ્ટર થયેલ ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ"

ના બદલે

"રજિસ્ટર થયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક સ્ટાફ"

ઉપરના (A),(B) અને (C) મુજબના સુધારાની જાણ તમામ શાળાઓને થાય તે અંગે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

D:\HITESH\ELECTION -2020\ELECTION FAQS MA SUDHARA NO LETTER.DOCX

Scanned with CamScanner